**UDYAN C. SHAH**
ADVOCATE & NOTARY

Res. : "DEEP-JAYSHREE"
22-A, State Bank of India Officer's Society,
Chandranagar, Narayannagar Road,
Paldi, Ahmedabad- 380 007

REF. NO. DATE : 13 JUN 2022

પ્રતિશ્રી,
ચિરાગ નંદાનીયા
C/o. હેતાર્થ બિઝનેશ સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ,
ઠેકાણું : ૭૦૫, મેપલ ટ્રેડ સેન્ટર,
સુરધારા સર્કલ પાસે, સાલ હોસ્પિટલ રોડ,
થલતેજ, અમદાવાદ - ૩૮૦૦૫૯

બાબત : દેવેન શાહ ની સામે તમોએ કરેલ છેતરપીંડી, વિશ્વાસઘાત તથા કાવતરૂ રચી બદનામ કરી લાખો રૂપિયાનું નુકશાન કરવા અંગેની અરજન્ટ નોટીસ.

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ ઉદયન સી. શાહ તે અમારા અસીલ શાહ દેવેન અશ્વિનભાઈ, ઠેકાણું : ૫/બી, ઉષ્મા ફ્લેટ, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯ નાની સુચના તથા ફરમાઈશથી તમોને આ અરજન્ટ નોટીસ આપી જણાવવાનું કે

૧. અમારા અસીલ સને ૨૦૧૦ ની સાલથી જોબકાર્ડ સોફ્ટવેરને લગતું કામકાજ કરે છે. જેમાં તેનું ઈન્સ્ટોલેશન તથા સમયે સમયે અપગ્રેડેશન સર્વિસ પ્રોવાઈડ કરવાની હોય છે., અને આ ધંધા વ્યવસાયથી અમારા અસીલ પાસે ઘણી બધી કંપનીઓનું કામ ચાલી રહેલ છે. અને આ વ્યવસાયમાં તેઓએ ખુબજ પ્રતિષ્ઠા મેળવેલ છે.

૨. સને ૨૦૨૧ ની સાલમાં તમો ચિરાગભાઈ એક કોમન મિત્રના સબંધથી અમારા અસીલ સાથે સંપર્કમાં આવેલ., અને અમારા અસીલની હોશિયારી જોઇ આવડત જોઇ તથા તેમણે વિકસાવેલ વિશાળ બિઝનેસને જોઇ તમોએ અમારા અસીલને ફસાવાના ઈરાદે તથા તેમને જમાવેલ ધંધા વ્યવસાયને પચાવી પાડવાના બદઈરાદે અમારા અસીલને તમોને જણાવેલ કે આપણે બંને સાથે મળીને જોબકાર્ડ સોફ્ટવેરનું કામકાજ કરીએ અને તમોને હું જે કંપની બનાવીશ તેમાં ડાયરેક્ટર તરીકે નિમણુંક કરીશ. જેથી કરીને અમારા અસીલ તમારી લોભામણી વાતોમાં આવી ગયેલ અને તમો [illegible]એ [illegible]. હેતાર્થ કન્સલ્ટીંગ પ્રાઈવેટ લીમીટેડ નામની કંપની ચાલુ કરેલ.

૩. ઉપરોક્ત પેરા-૨ માં જણાવ્યા મુજબ ધંધો વ્યવસાય ચાલુ કરી અમારા અસીલે ભુતકાળમાં તથા વર્તમાનમાં તેઓ જે કંપનીનું કામ કરતા હતા તે તમામ કંપનીઓનું કામકાજ હેતાર્થ કન્સલ્ટીંગને મળવાનું ચાલુ થયેલ., અને ખુબજ સારી એવી કમાણી થવા લાગેલ અને સમગ્ર સમય દરમ્યાન તમો ચિરાગભાઈ મારફતે કોઇપણ અન્ય કંપનીનું કામકાજ મળી શકેલ નહી.

૪. અમારા અસીલને તમારા ઉપર ખુબજ વિશ્વાસ અને ભરોસો તમારી વાતોથી આવી ગયેલ અને અમારા અસીલ ઉપરોકત હેતાર્થ કન્સલ્ટીંગ કંપનીના સારા બિઝનેસ માટે પ્રમાણીકતાથી કામ કરતા હતા. આ સંજોગો દરમ્યાન થોડા સમય પહેલા તમોએ અમારા અસીલને અચાનક જ જાણ કરેલ કે હવેથી તમારે ઉપરોક્ત હેતાર્થ કન્સલ્ટીંગ પ્રાઈવેટ લિમિટેડની ઓફિસે આવવું નહી અને તમારી સાથે મારે કોઇ બિઝનેશ કરવો નથી. આમ કહી તમોએ અમારા અસીલને ખુબજ દુઃખ દાયક આંચકો આપેલ છે. કેમ કે અમારા અસીલે ખુબજ પ્રમાણીકતાથી ભુતકાળમાં જે જે કંપનીઓનું કામ તેઓ પોતે અલગ નામથી કરતા હતા તે તમામ કંપનીઓમાં હેતાર્થ કન્સલ્ટીંગના લેટરપેડથી કામકાજ મેળવેલ અને ખુબજ નફો કમાવી આપેલ. તેની કદર કરવાને બદલે અમારા અસીલને ધંધામાંથી દુર કરી તમો એકલા જ ધંધો કરી કમાણી કરવાનો મલીન ઈરાદો બતાવેલ તેવું અમારા અસીલનું કહેવું છે.

૫. ઉપરોક્ત હકીકત બાદ તમોએ તાજેતરમાં અમારા અસીલ મારફતે જે કંપનીઓનું કામ જોબકાર્ડ સોફ્ટવેરને લગતું મેળવેલ હતુ તે તમામ કંપનીઓને તથા તેના ડાયરેકટરોને તમોએ ઇ-મેઇલ કરી અમારા અસીલ વિરુધ્ધ ખોટી હકીકત જણાવી એવું કહેલ છે કે હવેથી દેવેન શાહ ને અમે છુટા કરેલ છે. તમોએ જોબકાર્ડ સોફ્ટવેરનું કામ અમોને આપવું અને જો તેમ નહી કરો તો તમારી સામે ફરીયાદ કરીશ કાર્યવાહી કરીશ તેવી ધાક ધમકી તે કંપનીઓને આપેલ છે. જેની જાણ જે તે કંપનીઓએ અમારા અસીલને કરેલ છે. તમારા આવા બેહુદા તથા ખરાબ વર્તનથી અમારા અસીલની આબરૂને પ્રતિષ્ઠાને ખુબજ હાની પહોંચેલ છે.

૬. આથી આ અરજન્ટ નોટીસ આપી અમારા અસીલ તમોને જણાવે છે કે અમારા અસીલ મારફતે જે કંપનીઓનું કામ મેળવેલ હતુ તે કંપનીઓને ડાયરેકટરોને ખોટી હકીકત જણાવી અમારા અસીલની બદનામી ન કરવી તથા જે તે કંપનીઓનું કામ પચાવી પાડવું નહી તથા હાલની તારીખે અમારા અસીલને તમારી પાસેથી હિસાબના જે રૂપિયા બાકી નીકળે છે તે તમામ તમારે ચુકવી દેવા તથા અમારા અસીલે તમારી ખોટી વાતોમાં આવી જઈ જે વિશ્વાસ તમારી ઉપર મુકેલ તેનો તમોએ ભંગ કરેલ હોઇ અમારા અસીલ તમારી વિરુધ્ધ ધી ઇન્ડિયન પીનલ કોડની કલમો ૪૦૬, ૪૨૦, ૧૨૦(બી), ૧૧૪, ૨૯૪(ખ) મુજબ ફોજદારી ફરીયાદ કરશે તે જાણશો. તથા જરૂર પડે યોગ્ય પોલીસ સ્ટેશન તથા ક્રાઇમ બ્રાન્ચ તથા

Scanned with CamScanner

સાયબર ક્રાઈમમાં તથા અલગ અલગ અદાલતોમાં સીવીલ તથા ક્રીમીનલ કાર્યવાહી કરશે તે જાણશો.

૭. વધુમાં અમારા અસીલ જણાવે છે કે તમો ખુબજ માથાભારે તથા ધાર્યુ કરવાવાળી ઝનુની વ્યક્તિ જેવો સ્વભાવ ધરાવો છો અને અમારા અસીલને ભય છે કે તમો તેમને શારીરિક ઈજા પણ પહોંચાડી શકો છો કેમકે તમારુ વર્તન અમારા અસીલ વિરુધ્ધ એ રીતનું છે તેવું અમારા અસીલનું માનવું છે. જે અંગે પણ અમારા અસીલ લાગુ પડતા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરશે તે જાણશો., અને આ નોટીસ મળેથી અમારા અસીલને તથા તેઓ જે કંપનીઓનું કામ જોબકાર્ડ સોફ્ટવેરને લગતું કરે છે તે કંપનીઓનો સંપર્ક કરવો નહી. અન્યથા અમારા અસીલ તે અંગે પણ યોગ્ય જગ્યાએ ફરીયાદ કરશે તે જાણશો.

૮. સદરહુ નોટીસ તમારી કસુરથી આપવી પડેલ હોઇ તેના ખર્ચના રૂા. ૧૦,૦૦૦/- તમારા શીરે છે. જે જાણશો. તેવું અમારા અસીલ જણાવે છે.

મારી સુચનાથી

.................................

દેવેન અશ્વિનભાઈ શાહ

UDAYAN C. SHAH
ADVOCATE & NOTARY
22, SBI Officer Society,
Nr. Chandra Nagar BRTS Stand,
Paldi, AHMEDABAD.

.................................

એડવોકેટની સહી

13 JUN 2022

સ્થળ : અમદાવાદ 13 JUN 2022

તારીખ : /૦૬/૨૦૨૨